# સુરત મહાનગરપાલિકા

**(Visit us at https://www.suratmunicipal.gov.in)**

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર મેડીકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ખાતે હાલ પ્રવર્તતી કોરોના રોગચાળાની ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા શરૂ કરવામાં આવેલ ૧૦૦ બેડની સુવિધા તથા સુરત શહેરની ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ ભવિષ્યમાં શરૂ થનાર વધારાની સુવિધાને ધ્યાને લઈ નીચે જણાવેલ જગ્યાઓની ૧૧ માસ માટે અથવા કોરોના અંગેની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી, બે માંથી જે વહેલું હોય તેટલા સમયગાળા માટે કરારીય ધોરણે ભરતી કરવા તથા પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર તા.૨૭/૦૬/૨૦૨૦ ના રોજ રાખવામાં આવેલ વોક ઈન ઈન્ટરવ્યુમાં જાહેરાતની સંખ્યાના પ્રમાણમાં ઉમેદવારો પૂરતા પ્રમાણમાં ન મળતા નીચે જણાવેલ કેડરો માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૯/૦૬/૨૦૨૦ થી તા.૧૦/૦૭/૨૦૨૦ સુધીમાં (રજાના દિવસો સિવાય) ઓફિસ સમય દરમ્યાન રૂમ નં.૧૧૪, મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગ, સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે અસલ પ્રમાણપત્રો, પ્રમાણિત નકલો તથા ફોટોગ્રાફ ફરજીયાતપણે લાવી રજુ કરવાના રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | લાયકાત | પગારધોરણ |
|---|---|---|---|---|
| ૧. | સ્પેશ્યાલીસ્ટ પલ્મોનોલોજીસ્ટ / ફીઝીશ્યન | ૦૩ | – એમ.ડી.પલ્મોનોલોજી એન્ડ ક્રીટીકલ કેર / જનરલ ફીઝીશ્યન/ ચેસ્ટ ફીઝીશ્યન/ પીડીયાટ્રીશ્યન<br>– ડી.એન.બી.રેસ્પીરેટરી ડીસીઝીસ | માસિક રૂા.૧,૨૦,૦૦૦/– ફીકસ |
| ૨. | સીનીયર રેસીડન્ટ (કલીનીકલ)<br>જનરલ મેડીસીન–૭<br>પીડીયાટ્રીક–૪<br>ટીબી એન્ડ ચેસ્ટ–૩<br>ઓર્થોપેડીકસ–૨<br>ઓબ. એન્ડ ગાયનેક–૪<br>એનેસ્થેસીયા–૬ | ૨૬ | મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના નિયમો તથા ધારાધોરણો મુજબ | માસિક રૂા.૬૬,૦૦૦/– ફીકસ |
| ૩. | મેડીકલ ઓફીસર | ૭૩ | એમ.બી.બી.એસ. | માસિક રૂા.૬૦,૦૦૦/– ફીકસ |
| ૪. | નર્સ (બી.પી.એન.એ.) | ૩૨૪ | બી.પી.એન.એ.<br>અથવા<br>(૧) જનરલ નર્સીંગ અને મીડવાઈફરી ના ડીપ્લોમા (પુરૂષ વિદ્યાર્થી માટેનો વૈકલ્પિક કોર્ષ) અથવા સરકાર માન્ય યુનિવર્સીટી તરફથી નવો જનરલ પ્રોગ્રામ અથવા બી.એસસી(નર્સીંગ).<br>(૨) ગુજરાત નર્સીંગ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન થયેલ હોવું જરૂરી છે.<br>(૩) વધુ અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. | માસિક રૂા.૧૫,૦૦૦/– ફીકસ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫. | વોર્ડબોય | ૧૮ | ધોરણ–૧૦ પાસ, હોસ્પીટલ કે લેબોરેટરી કામનો ૩ વર્ષનો અનુભવ.<br>વધુ અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. | માસિક રૂા.૭૫૦૦/– ફીકસ |
| ૬. | આયા | ૫૭ | ધોરણ–૧૦ પાસ, હોસ્પીટલ કે લેબોરેટરી કામનો ૩ વર્ષનો અનુભવ.<br>વધુ અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. | માસિક રૂા.૭૫૦૦/– ફીકસ |

ઉપરોકત જણાવેલ કેડરો પૈકી જે કેડરોમાં રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની જરૂરીયાત હોય, તો તેની નકલ ફરજિયાતપણે લાવવાની રહેશે. તેમજ સદર જગ્યાઓ નિયમ મુજબ ફીકસ વેતનથી કરાર આધારીત ભરતીના નિયમો અને શરતોને આધિન ભરવામાં આવશે તેમજ અન્ય કોઈ પણ જાતના ભથ્થા અને નાણાંકીય લાભ ચુકવવામાં આવશે નહી.

સહી/–

નં.પીઆર.ઓ./૨૪૪/૨૦૨૦–૨૦૨૧
તા.૨૮/૦૬/૨૦૨૦

**કમિશનર,**
**સુરત મહાનગરપાલિકા.**